ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# બાળમજૂરી એક અભિશાપ

ડો. મોનાબેન જગદીશભાઈ ત્રિવેદી
આસીસ્ટન પ્રોફેસર, ઈકોનોમિકસ.

પી.એસ.હિરપરા આર્ટસ, કોર્મસ, બી.બી.એ., બી.સી.એ.
એન્ડ બી.એસ.સી. (સાયન્સ) મહિલા કોલેજ– જેતપુર.

# બાળમજૂરી એક અભિશાપ

## ૧) પ્રસ્તાવના :–

બાળપણ એ જીવનમા એક જ વખત મળતો સમય છે. જે ખુબ મહત્વનો,આનદનો અને મનુષ્યના સર્વાગી વિકાસનો અશ છે. જયારે વાસ્તવિકતા એ છે કે બહુ જ ઓછા બાળકો સાચા અને ખરા અર્થમા બાળપણ માણી શકવા માટે ભાગ્યશાળી હોય છે.

ગરીબ માતા–પિતા તેમના સતાનોને કેળવણી, શિક્ષણ આપવા માટે અસક્ષમ હોય છે. પરિસ્થિતી એવી વિકટ હોય છે કે, તે પોતાના બાળકોના શિક્ષણ વિશે વિચારીજ ન શકે. સતાનોની ભણવાની ઈચ્છા હોવા છતા મા–બાપ તેમને કુટુબની આવક વધારવા મજૂરી કાર્ય માટે મજબૂર બનાવતા હોય છે.

આજે બાળકોને સાજના સમયમા રમત–ગમતના મેદાનમા અને સવારના સમયમા શાળાના બદલે મજૂરી કરતા જોઈએ છીએ ત્યારે આપણને પ્રતીતિ થવી જોઈએ કે આપણે આ મૂલ્યવાન બાળસપતિનો મજૂરી દ્વારા હ્રાસ કરી રહયા છીએ.

## ૨) બાળમજૂરીનો અર્થ–વ્યાખ્યા :–

### ૧) બાળમજૂરીનો અર્થ :–

આતરરાષ્ટ્રીય મજૂર સગઠન જણાવે છે કે “બાળમજૂરોમા એવા બાળકોનો સમાવેશ થાય છે કે જેઓ કુમળી વયે પુખ્ત ઉમરના માણસ જેવુ જીવન જીવે છે. ઓછી રોજીથી વધુ કલાકો સુધી અયોગ્ય પરિસ્થિતિમા તેઓ કામ કરે છે. જે વેતન તેને મળે છે તેનાથી તે પોતાનુ પૂરતુ પેટ ભરી શકતા નથી. કેટલીક વખત આવા બાળકો તેમના કુટુબથી વિખૂટા પડે છે. અને ઘણા ખરા કિસ્સામા ઉજજવળ ભવિષ્ય માટે જરૂરી એવા અર્થપૂર્ણ શિક્ષણ અને તાલીમથી વચિત રહે છે. તેને બાળમજૂર તરીકે ઓળખવામા આવે છે.”

### ૨) બાળમજૂરીની વ્યાખ્યા :–

P બાળમજૂરીની સામાન્ય વ્યાખ્યા મુજબ, “અર્થોપાર્જનની પ્રવૃતિ કરતા બાળકને બાળમજૂર કહેવાય છે.”

“ખાસ કરીને આર્થિક પ્રાપ્તિ માટે ૧૪ વર્ષની નીચેની વયની વ્યકિત દ્વારા કરવામા આવતા કામ અને ઉત્પાદન પ્રવૃતિને બાળમજૂરી તરીકે ઓળખવામા આવે છે.”

P આતરરાષ્ટ્રીય શ્રમ સગઠન જણાવે છે કે, “સામાન્ય ધધાઓ કે કાર્યોમા બાળમજૂરોની ઓછામા ઓછી

ઉમર ૧૫ વર્ષ નકકી કરેલી છે. ૧૫ વર્ષથી ઓછી ઉમરના બાળકો કામ કરતા હોય તો તેને બાળમજૂરો કહેવામા આવે છે.”

“જયારે જોખમી ધધામા, વ્યવસાયોમા કે કાર્યોમા બાળમજૂરોની ઓછામા ઓછી ઉમર ૧૮ વર્ષ નકકી કરેલ છે. જોખમી કાર્યોમા ૧૮ વર્ષથી ઓછી ઉમરના બાળકો કામ કરતા હોય તો તેને બાળમજુરો કહેવામા આવે છે.”

બાળમજુરોની ઉપરોકત આપેલ વ્યાખ્યાઓમા છોકરા અને છોકરીઓ બન્ને નો સમાવેશ થાય છે.

P શ્રી વી. વી. ગીરીએ બાળમજૂરોની વ્યાખ્યા બે સદર્ભમા રજૂ કરી છે. i) કાનૂની બાળમજૂરો. ii) ગેરકાનૂની બાળમજૂરો જેની વ્યાખ્યા નીચે મુજબ આપી શકાય.

**i) કાનૂની બાળમજૂરો :–**

“ જે કાર્યમા જોખમો રહેલા નથી, જે કાર્યોમા બાળમજૂરોને કાર્ય બોજ લાગતો નથી, જે કાર્યો સામાન્ય કાર્યો છે. જયા અમુક ક્ષેત્રોમા બાળમજૂરોનુ શોષણ થત નથી, બાળકોના કામની તેમના શિક્ષણ પર માઠી અસરો થતી નથી, તેમજ બાળકોના શારીરિક કે માનસિક વિકાસ પર પણ કોઈ જ માઠી અસરો થતી નથી અને સર્વ રીતે જેમા બાળમજૂરોનુ હિત જળવાઈ રહેતુ હોય અને જે ક્ષેત્રોમા બાળમજૂરો રાખવા ઉપર પ્રતિબધ ના હોય તેને કાનૂની બાળમજૂરો કહે છે.”

**ii) ગેરકાનૂની બાળમજૂરો :–**

જે કાર્યોમા બાળમજૂરોને જોખમ રહેલા છે, જે કાર્યોમા બાળમજૂરોને કાર્ય બોજ લાગે છે, જયા અમુક ક્ષેત્રોમા બાળમજૂરોનુ શોષણ થાય છે, બાળકોના કામની તેમના શિક્ષણ પર માઠી અસરો પડે છે, તેમજ તેમના શારીરિક અને માનસિક વિકાસ પર માઠી અસરો પડે છે, જેમા બાળમજૂરોનુ અહિત થતુ હોય છે અને જે ક્ષેત્રોમા બાળમજૂરો રાખવા પર કાયદાકીય પ્રતિબધ છે તેને ગેરકાનૂની બાળમજૂરો કહેવામા આવે છે.

શ્રી વી.વી. ગીરીએ બાળમજૂરોની જે ઉપરોકત વ્યાખ્યાઓ રજૂ કરી છે. તેમા પ્રથમ સદર્ભ પ્રમાણે“બાળમજૂરો આર્થિક ક્ષેત્રોમા લાભપ્રદ રોજગારી દર્શાવે છે.” અને બીજા સદર્ભ પ્રમાણે “બાળમજૂરોની રોજગારીને કારણે તેનુ શોષણ થાય છે. તે બાબત દર્શાવે છે.” સામાન્ય રીતે બાળમજૂરી શબ્દ બીજા અર્થમા વધુ વપરાય છે.

## ૩) બાળમજૂરીના ક્ષેત્રો :–

બાળમજૂરોને કામે રાખવામા આવતા બે ક્ષેત્રો છે. ૧) સગઠિત ક્ષેત્રો અને ૨) અસગઠિત ક્ષેત્રો જેની સમજૂતી નીચે મુજબ આપી શકાય.

**૧) સગઠિત ક્ષેત્રો :–**

સગઠિત ક્ષેત્રો એટલે કે જે નાના મોટા ઉદ્યોગ, ધધાઓ, સરકારશ્રીની નોધણીમા આવતા હોય, નોધાયેલા હોય તેવા ક્ષેત્રો. દા:ત., રીલાયન્સ, ટાટા, સોલવન્ટ પ્લાન્ટ, પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીઝ,કાપડ ઉદ્યોગ વગેરે.

સગઠિત ક્ષેત્રો સરકારશ્રીની નોધણીમા નોધાયેલા હોવાથી તેને કાનૂની નિયમોનો અમલ કરવો પડે છે. તેથી તેમા બાળમજૂરોને કામે રાખવાની કે બાળકોને કામ કરવાની તક મળતી નથી તેથી તેમા બાળમજૂરીનો પ્રશ્ન લગભગ ઓછો અસ્તિત્વ ધરાવે છે.

**૨) અસગઠિત ક્ષેત્રોની સમજૂતી :–**

અસગઠિત ક્ષેત્રો એટલે કે જે ઉદ્યોગ ધધાઓ સરકાર માન્ય હોય પણ છૂટા છવાયા હોય છે અને તે સરકારશ્રી દ્વારા બિનનોધાયેલા હોય છે તેવા ક્ષેત્રોને અસગઠિત ક્ષેત્રો કહેવામા આવે છે. દા.ત., ઘરકામ, બાધકામ , છૂટા છવાયા કારખાના, ચાની લારીઓ, દુકાનો , રેસ્ટોરન્ટો, હીરા ઉદ્યોગ, ખેતી,પશુપાલન વગેરે.

અસગઠિત ક્ષેત્રો કાનૂની નોધણીમા નોધાયેલા ન હોવાથી ત્યા બાળમજૂરો વધુ હોય છે. અને તેને શોધવા સહેલા છે. પરતુ પૂરવાર કરવા અઘરા છે.

## ૪) બાળમજૂરોનુ પ્રમાણ

**૧) વૈશ્વિક સ્તરે બાળમજૂરોનુ પ્રમાણ :–**

ILO દ્રરા પ્રકાશિત વર્ષ ૨૦૧૦ ના Global child Lobour Development: Measuring Trends From 2008-2010 નામના અહેવાલ મુજબ વિશ્વમા ૩૦૫૦ લાખ બાળકો કોઈને કોઈ આર્થિક પ્રવૃતિમા જોડાયેલા જોવા મળે છે. તેમા ૧૭૫૦ લાખ છોકરાઓ અને ૧૨૯૦ લાખ છોકરીઓનો સમાવેશ થાય છે. વિશ્વમા કુલ કામદારોમાથી ૬૦ ટકા બાળકો ખેતીક્ષેત્રમા, ૨૫.૬ ટકા બાળકો સેવાક્ષેત્રમા,૭ ટકા બાળકો ઔદ્યોગિક ક્ષેત્રમા અને ૭.૫ ટકા બાળકો અન્ય ક્ષેત્રમા કામગીરી કરતા જોવા મળે છે. કુલ બાળશ્રમિકોના ૯૦ ટકા જેટલા બાળકો આફ્રિકા અને એશિયાઈ દેશોમા જોવા મળે છે. વિશ્વમા સૌથી વધુ કામ કરતા બાળકોની સખ્યા આફ્રિકામા છે. અને આ પ્રમાણ આશરે કુલ બાળશ્રમિકોના ૧/૩ જેટલુ છે. કેટલાક એશિયાઈ દેશોમા કુલ શ્રમદળમા ૧૦ ટકાથી વધુ બાળશ્રમિકો જોવા મળે છે.

**૨) ભારતમા બાળમજૂરોનુ પ્રમાણ :–**

યુનિસેફના ૨૦૧૫ ના અહેવાલ મુજબ ભારતમા ૨૮૦ લાખ બાળશ્રમિકો છે.આમાના ૫૦ ટકાથી વધુ બાળકો કૃષિ ક્ષેત્રેમા રોકાયેલા જોવા મળે છે. જયારે ૧/૩ કરતા વધુ બાળકો કાપડના ભરતગૂથણ, સુથારી કામ, અને માચીસની સળી બનાવવા જેવા ઉદ્યોગોમા રોકાયેલા જોવા મળે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મા આકડા મુજબ ભારતમા સૌથી વધારે બાળશ્રમિકોનુ પ્રમાણ ઉતર પ્રદેશમા જોવા મળ્યુ છે. જે ૮૯૬૩૦૧ જેટલુ હતુ. જયારે સૌથી ઓછુ બાળશ્રમિકોનુ પ્રમાણ ગોવામા ૬૯૨૦ જેટલુ હતુ.

### ૩) ગુજરાતમા બાળમજૂરોનુ પ્રમાણ :–

NSSO (National Sample Survey Orgization) દ્વારા પ્રકાશિત થયેલા અહેવાલ મુજબ ગુજરાતમા લગભગ ૪.૨ લાખ બાળશ્રમિક છે. તેમાથી ૩.૧૮ લાખ બાળશ્રમિકો ગ્રામ વિસ્તારમા અને ૧.૨ લાખ જેટલા શહેરી વિસ્તારમા આવેલા છે. આ અહેવાલ મુજબ ગુજરાતમા ૫ થી ૧૪ વર્ષની ઉમરના ૨.૨ ટકા બાળશ્રમિકો શહેરી વિસ્તારમા અને ૪.૩ ટકા બાળ શ્રમિકો ગ્રામ વિસ્તારમા આવેલા છે. ગુજરાતનો સમાવેશ ભારતમા સૌથી વધુ બાળશ્રમિકો ધરાવતા રાજયોમા છે.

### ૫) બાળમજૂરીના કારણો :–

બાળકને શ્રમ કાર્ય કરવા માટે મજબૂર કરતા મુખ્ય કારણમા બાળમજૂરોના કુટુબની નબળી આર્થિક પરિસ્થિતિ એટલે કે ગરીબી હોય છે. આ ઉપરાત પણ બીજા અનેક કારણો બાળકોને શ્રમ કાર્યમા ધકેલવા જવાબદાર હોય છે. તેથી ગરીબી ઉપરાત બીજા કયા કયા કારણો બાળમજૂરી માટે જવાબદાર છે તે તપાસીએ.

બાળમજૂરીએ સામાજિક અને આર્થિક સમસ્યા છે, તેના માટે જવાબદાર કારણો છ દષ્ટિએ વિચારી શકાય. ૧) બાળમજૂરીના સામાન્ય કારણો, ૨) બાળમજૂરીના કૌટુબિક કારણો, ૩) બાળમજૂરીના સામાજિક કારણો, ૪) બાળમજૂરીના અસામાજિક કારણો, ૫) બાળમજૂરીના કાયદાકીય કારણો, ૬) રોજગારી આપનારની દષ્ટિએ બાળમજૂરીના કારણો. જેની ટુકી સમજૂતી નીચે મુજબ છે.

### ૧) બાળમજૂરીના સામાન્ય કારણો :–

૧) વસતી વધારો, ૨) ગરીબી, ૩) બેકારી, ૪) રાષ્ટ્રીય આવકની અસમાન વહેચણી, ૫) ઔદ્યોગિક ક્રાતિ, ૬) શિક્ષણનુ ઓછુ પ્રમાણ, ૭) ઐતિહાસિક ઘટનાઓ, ૮) કુદરતી આપતિઓ વગેરે નો સમાવેશ થાય છે.

### ૨) બાળમજૂરીના કૌટુબિક કારણો :–

બાળમજૂરીના કૌટુબિક કારણોમા ૧) કુટુબની નબળી આર્થિક પરિસ્થિતિ, ૨) કુટુબમા પુખ્ત સભ્યોની બેરોજગારી, ૩) માતા–પિતામા શિક્ષણ નો અભાવ, ૪) કુટુબનુ કદ મોટુ, ૫) કૌટુબિક પરપરા, ૬) દેખાદેખીની અસર, ૭) કમાવવા માટે માતા–પિતાની અસમર્થતા, ૮) ગરીબીને કારણે વારવાર સ્થળાતર, ૯) દેવુ ચૂકવવા માતા–પિતા નિષ્ફળ, ૧૦) કુટુબની સકુચિત વિચારધારા, ૧૧) બેફામ મોઘવારી, ૧૨) વાલીઓનુ મૃત્યુ. વગેરે કારણોનો સમાવેશ થાય છે.

### ૩) બાળમજૂરીના સામાજિક કારણો :–

બાળમજૂરીના સામાજિક કારણોમા ૧) અમીરી –ગરીબીના અને જાતિના ભેદભાવો, ૨) નાત–જાત–ભાત, ૩) ધર્મ –વિચારણા અને સસ્કૃતિ. વગેરે કારણોનો સમાવેશ થાય છે.

**૪) બાળમજૂરીના અસામાજિક કારણો :–**

બાળમજૂરીના અસામાજિક કારણો મા ૧) દબાણ, ૨) અપહરણ અને હેરાફેરી, ૩) બાળકોનુ વેચાણ, ૪) દેવુ ચૂકવવા બાળકોને ગીરવે મુકવા, ૫) રાજકીય હસ્તક્ષેપ. વગેરે કારણોનો સમાવેશ થાય છે.

**૫) કાયદાકીય કારણો :–**

કાયદાકીય કારણોમા ૧) કાયદાકીય મોભો અને રાષ્ટ્રીયતા, ૨) કાયદાઓની બિનઅસરકારતા . વગેરે કારણોનો સમાવેશ થાય છે.

**૬) રોજગારી આપનારની દષ્ટિએ બાળમજૂરીના કારણો :–**

રોજગારી આપનારની દ્રષ્ટિએ બાળમજૂરીના કારણોમા ૧) બાળકો ઉગ્રતા દર્શાવતા નથી અને સરળતાથી પોતાની જાતને સોપી દે છે, ૨) બાળકો તમામ પ્રકારનુ કામ સ્વીકારતા હોય છે, ૩) બાળકો ઓછા વેતને સરળતાથી ઉપલબ્ધ થાય છે, ૪) બાળકો સગઠન પ્રવૃતિઓથી અજાણ હોય છે તેથી તે સગઠન કરતા નથી, ૫) બાળકો નજીવી લાલચમા સરળતાથી ફસાય છે. તેથી તેની પાસેથી વધુ કામ લઈ શકાય છે, ૬) બાળકો કામના જોખમોથી અજાણ હોય છે. તેથી માલિકોને સલામતીના સાધનો નો ખર્ચ પણ બચી જાય છે, ૭) બાળકોને કામ બાબતમા શારીરિક સજા કરી શકાય છે, ૮) બાળમજૂરોનુ તમામ રીતે શોષણ સરળતાથી કરી શકાય છે, ૯) સતાધિકારીઓ દ્વારા કાયદા પાલનનો આગ્રહ યેનકેન પ્રકારે નકારવામા આવે છે,વગેરે કારણોનો સમાવેશ થાય છે.

**૬) બાળમજૂરી એક અભિશાપ :–**

જે વય બાળકો માટે રમવાની, ખેલવાની, આનદ કરવાની અને ભણવાની છે. તે વયમા બાળકો પોતાનો અને પોતાના કુટુબનો પેટનો ખાડો પૂરવા કારમી મજૂરી કરે છે. આવા બાળકોનુ ભવિષ્ય શુ ?

બાળમજૂરી એ એવી સળગતી સમસ્યા છે કે જેના કારણે બાળકના ભવિષ્ય સાથે એક પ્રશ્નાર્થ ઉભો થાય છે. તેના ભવિષ્ય સામે જાણે કે અધકારનો ઓળો ઉભરી આવતો હોય છે અને "બાળમજૂરોનુ જીવન એક અભિશાપ સમાન બની જાતુ હોય છે."

સનાતનકાળથી બાળકોને સમાજની સપતિ ગણવાનો આદર્શ અપનાવામા આવ્યો છે. પરતુ વાસ્તવિકતા એ છે કે બાળકના નાજૂક કોમળ હાથોમા રમકડા કે પુસ્તકોની જગ્યાએ મોટા–મોટા ઓજારો હોય તેનાથી વધુ દુ:ખદાયી પરિસ્થિતિ શુ હોઈ શકે ? બાળકને તેના નાજૂક કોમળ હાથે આકાશમા પતગ ચગાવવાની વયે તે પતગ બનાવતા હોય છે. ફટાકડા ફોડવાની વયે ફટાકડા બનાવતા હોય છે અને પાટી–પેન લઈ સ્કૂલે જવાની વયે તે પાટી–પેન બનાવતા હોય છે અને માલિકોના મહેણા–ટોણાની સાથે જયા ને ત્યા વેઠ કે મજૂરી કરતા જોવા મળે છે. માલિકના મહેણા– ટોણા અને ધોલ– ધપાટ સહન કરતા બાળકોને જોયા છતા ન જોયા કરવામા આવે છે. આવા બાળકોને સમાજ ભૂલી જાય છે કે તેમના તરફ ધ્યાન આપવા ઈચ્છતા નથી. બાળકો પણ આવી ઉમરલાયક વ્યકિતઓને પોતાના દુશ્મન તરીકે જોવા લાગે છે. બાળકો તરફ કોઈ મલકાતુ નથી તેનુ કોઈ રક્ષણ કરતુ નથી કોઈ તેની પ્રશસા કરતુ નથી, લોકો તેને ભૂલી જ જાય છે.

સવારે સાત વાગે ઘરની બહાર કામ માટે નીકળી પડતા આ ૭ થી ૧૪ વર્ષના બાળકો સાંજ સુધીમા તિરસ્કાર, ધૂત્કાર, ગાળો સભળતા, રખડતા રોજના ૨૦ થી ૪૦ કે ૫૦ થી ૬૦ રૂપિયા જેટલી કમાણી બુટપાલીસ કે અન્ય છૂટક મજૂરી કરીને મેળવી લેતા હોય છે. એ સાથે જ બાળકના મનમા રહેલુ સ્વપ્ન ચકનાચૂર થઈ જાય છે. તેને અનિચ્છાએ પણ મજબૂરીવશ કામે જવુ પડે છે. અને રમવાની ઉમરમા બાળક ગુલામીની દશામા આવી જાય છે. મોટા ભાગના બાળમજૂરો ગરીબી રેખાની નીચે જીવતા કુટુબોમાથી આવતા હોવાને કારણે તેમની આર્થિકસ્થિતિ દયનીય અને કફોડી હોય છે.

ઘણીવાર આવા બાળમજૂરોને ગ્રાહકો તરફથી તેમજ માલિકો તરફથી તિરસ્કૃત વર્તન, ઉધ્ધતાઈ અને ગેર શબ્દો સાભળવા વગેરે ત્રાસ સહન કરવા પડે છે. બાળકોની જેમ નાની બાળકીઓ પણ ઘરકામ કરતી હોય છે તે નાની ઉમરથી જ કામમા કપડા, વાસણ, કચરા, પોતા કે અન્ય કામ કરે છે ઘરકામમા કેટલીક વાર તેમના પર નાની–મોટી ચોરીનુ આળ– આરોપ પણ મૂકવામા આવે છે. છતા પણ મજબૂરીના કારણે મુગે મોએ આ બાળકો કામ કર્યે જાય છે. આવા બાળકોની કુટુબની આર્થિક પરિસ્થિતિ પછાત હોવાને કારણે તેઓ સારુ શિક્ષણ મેળવી શકતા નથી અથવા તો શિક્ષણ પડતુ મૂકીને કામે લાગી જવાનો સમય આવે છે. અને તેને કારણે જીવન મા આગળ વધવા માટેના માર્ગ રૂધાતા હોય તેવુ બને છે.

બાળમજૂરીને કારણે બાળકોનુ બાળપણ મજૂરી કરવામા વીતી જાય છે. તેને પાયાનુ જ્ઞાન, સસ્કારો, સસ્કૃતિની અસ્મિતાની જાણકારીને બદલે ગધ્ધાવૈતરા કરવામા જ તેમનુ બાળપણ અને આખી જીદગી પૂર્ણ થાય છે. બાળપણના નિર્દોષ હાસ્યને બદલે તેના ચહેરા પર નિરાશા–હતાશા જ જોવા મળે છે. વારવાર માલિકો અને ઉપરીઓ દ્વારા ધાક–ધમકી, માનસિક કે શારીરિક અત્યાચારનો, તો કેટલીકવાર શોષણનો ભોગ પણ બાળમજૂરોએ બનવુ પડે છે.

બાળમજૂરોની કામગીરીને કારણે તેઓ શિક્ષણથી વચિત રહે છે. ઓછી ઉમરમા તેમના પર અસહય કામનો બોજ લાદવામા આવે છે. તેઓ અનેક કુટેવોનો શિકાર બને છે. તેઓની કામની પરિસ્થિતિ પણ અત્યત ગભીર અને ધ્યનીય હોય છે. કામના કલાકો વધુ અને વેતન ઓછુ પ્રાપ્ત થાય છે.આ અને આવી અનેક સમસ્યાઓ બાળમજૂરો સાથે સકળાયેલી હોય છે.

બાળકોની શકિત વિકસે તે પહેલા તેના પર કામનો આકરો બોજ લાદી દેવામા આવે છે. તેથી તેમના વિકાસ માટેના દરવાજા કાયમ માટે બધ થઈ જાય છે. જોખમકારક ઉદ્યોગોમા કામ કરતા બાળમજૂરો મોટી સખ્યામા રોગોના શિકાર બને છે. તેઓને ટીબી થાય છે. ગળાના દુઃખાવાના રોગો જોવા મળે છે. ઘણા બાળકોને જીવલેણ રોગો થાય છે. ઘણાને સાધાના, કમ્મરના રોગો થાય છે. જોખમી ઉદ્યોગના કેમિકલ્સ શ્વાસમા જવાથી ઘણા બાળકો કેન્સરના પણ ભોગ બને છે. ઘણા કામોમા દૂર્ઘટનાઓ થવાની સભાવના હોય છે. આવી સભાવનાઓ વાળા કામોમા બાળમજૂરો મોટે ભાગે દૂર્ઘટનાઓના ભોગ બને છે. દૂર્ઘટનાઓ સર્જાતા બાળકોને ઘણી જ ભયકર રીતે શારીરિક મુશ્કેલીઓ આવે છે. કોઈ બાળકોના હાથ પગ કપાઈ જાય છે. તો કોઈના અગો ખોટા થઈ જાય છે. આ રીતે જોખમી ઉદ્યોગોમા કામ કરતા બાળમજૂરો કયાક ને કયાક અકસ્માતના ભોગ બનતા રહે છે. અને પૈસાના અભાવે તેમને સારવાર પણ મળતી નથી ઘણા શહેરોમા યુવાન બાળકો લાબા સમય સુધી કામ કરે છે. અને તેની પાસે કડક શિસ્ત પાલન કરાવવામા આવે છે. બાળમજૂરો પાસેથી પુખ્ત વયની વ્યકિત જેટલા જ કલાકો કામ

લેવામા આવે છે. પણ તેની સામે તેને અતિશય નીચુ વેતન આપવામા આવે છે. તેથી શિક્ષણ લેવાની વાત તો દૂર રહી પરતુ પાયાની જરૂરિયાતો પૂરી કરવા માટે પણ એમણે સખત મજૂરી કરવી પડે છે. ઘણી જગ્યાઓ પર તો માલિકો બાળકોથી કામમા કોઈ ભૂલ થાય તો શારીરિક સજાઓ કરતા હોય છે. તેમના પર અવારનવાર ભયકર રીતે ગુસ્સો કરતા હોય છે. તેમની પાસે ખૂબ જ આકરી રીતે કામ લેતા હોય છે. અને ૮ થી ૧૦ કલાક સતત કામ કરાવતા હોય છે. તેની સામે એટલુ ઓછુ વેતન આપતા હોય કે બાળકોને પૂરતુ ખાવાનુ પણ નશીબમા આવતુ નથી.

ગરીબ બાળકો ને સામાન્ય રીતે અપૂરતુ પોષણ મળે છે. જયારે તેઓનુ કામ વધારે શકિત માગે છે અને પરિણામે તેમનામા કેલેરીની ઉણપ વર્તાય છે. તેથી તેઓ લોહીમા રકતકણોની અલ્પતાને લીધે ફિકકાશ, પાડુરોગ, થાક અને અપૂરતો આરામ અને ઓછી ઉઘથી પીડાતા હોય છે અને ચેપી રોગોના જલદી શિકાર બને છે.

બાળકોને કામ ઉપર મૂકવાથી કુટુબને કામચલાઉ લાભ થતો હશે પણ લાબેગાળે વ્યકિત તરીકે બાળકને, તેના કુટુબ ને અને સમગ્ર રીતે સમાજને તેની ભારે કિમત ચૂકવવી પડે છે. બાળપણના દુ:ખ અને વ્યથિત અનુભવોને લીધે તેઓની ભવિષ્યની વૃધ્ધિ અને વિકાસ માટે મજબૂત પાયો નાખી શકતો નથી. તેથી બાળમજૂરી એ બાળકના વર્તમાનમા અને ભવિષ્યમા અભિશાપ સમાન બની રહે છે.

## ૭) બાળમજૂરોની પરિસ્થિતિમા સુધારો કરવાના કાયદાઓ :–

બાળમજૂરોની પરિસ્થિતિમા સુધારો કરવા માટે અનેક કાયદાઓ ઘડવામા આવ્યા છે. જેમા ૧૯૩૩નો બાળમજૂરીધારો , ૧૯૩૮ નો બાળરોજગારી ધારો, ૧૯૯૫ નો બાગયત ધારો, ૧૯૫૨ નો ખાણ અધિનિયમ ધારો અને ૧૯૮૪ નો ફેકટરી એકટ ધારો વગેરેનો સમાવેશ થાય છે. આ બધા કાયદાઓ હોવા છતા બાળમજૂરોના ગભીર પ્રશ્નો વણ ઉકલાયેલા ત્યા ને ત્યા રહયા છે.

VIDHYAYANA

## ૮) ઉપસહાર :–

આમ, બાળમજૂરીથી થતુ બાળક પરનુ દબાણ અને શોષણથી બાળકનો બૌધિક વિકાસ રૂધાય છે. તેનુ આરોગ્ય અને સ્વાસ્થ્ય સારુ કરી શકતુ નથી. બાળમજૂરો પોતાના અધિકારોથી વચિત રહી જાય છે. તેથી તેમનો સર્વાગી વિકાસ થતો નથી. તેથી બાળક મોટો થતા, એક વ્યકિત તરીકે બાળકને, તેમના કુટુબને અને સમગ્ર સમાજને તેની ભારે કિમત ચુકવવી પડે છે. તેથી બાળમજૂરી એક સામાજિક દૂષણ અને માનવ સપતિનો રાષ્ટ્રીય વ્યય છે. જેનાથી ભારત દેશમા લોકશાહીનો સ્વસ્થ વિકાસ રૂધાય છે.